નિર્મળ ગુજરાત યોજના સન્દર્ભે પંચાયતી
રાજ સંસ્થાઓમાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ
સહિતની જુદી જુદી યોજનાઓના સંકલનથી
એ.પી.એલ. કુટુંબો દ્વારા શૌચાલય બનાવવા
માટે સહાયની રકમમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ-પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪-૧૦-૦૯

વંચાણે લીધાઃ-

૧. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પરચ-૧૦૨૦૦૭- ૧૮૯-ચ. તા.૨૪-૪-૦૭

૨. પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પરચ-૧૦૨૦૦૭- ૧૮૯-ચ. તા.૧૩-૬-૦૭

ઠરાવઃ-

ગ્રામકક્ષાએ સ્વચ્છતાના અભાવે તથા તેને લગતી ન્યુનતમ સુવિધાના અભાવે થતાં રોગોમાંથી ગ્રામજનો મુક્ત બને તથા તેઓના જીવન ધોરણમાં સુધારો થાય તેમજ ગામ સ્વચ્છ અને સ્વસ્થ બની નિર્મળ બને તે માટે ગ્રામ્ય વિસ્તારમાં કરવાની થતી સ્વચ્છતાલક્ષી કામગીરીને લક્ષમાં લઈ નિર્મળ ગુજરાત-૨૦૦૭ અંતર્ગત સંદર્ભ-૧ આગળના વિભાગના તા.૨૪-૪-૦૭ના ઠરાવથી કાર્યપધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ હતી. ત્યારબાદ સ્વચ્છતાલક્ષી કામગીરીમાં ફેરફાર કરીને સંદર્ભ-૨ આગળના વિભાગના તા.૧૩-૬-૦૭ના ઠરાવથી આ યોજના અંતર્ગત જુદી જુદી યોજનાઓના સંકલનથી ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાલક્ષી કામગીરીના ભાગરૂપે પ્રત્યેક ગામના એ.પી.એલ. કુટુંબનો દરજ્જો ધરાવતાં કુટુંબો દ્વારા એ.પી.એલ. કેટેગરીના કુટુંબદીઠ શૌચાલય બનાવવાની કામગીરી નિર્મળ ગુજરાત યોજના હેઠળ આવરી લઈ ફક્ત એ.પી.એલ. કુટુંબો માટે શૌચાલય બનાવવાની યોજના અમલમાં મુકી પ્રત્યેક શૌચાલય માટે રૂ.૧૫૦૦/-ની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં રૂ.૭૫૦/- સરકારશ્રીની ગ્રાન્ટમાંથી, રૂ.૨૫૦/-માન. ધારાસભ્યશ્રીના ફંડમાંથી ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે. જ્યારે બાકીના રૂ.૫૦૦/-એ.પી.એલ. લાભાર્થીએ શ્રમદાન દ્વારા અથવા તો પોતે ભોગવવાના હોય છે. આમ હાલની આ યોજના મુજબ કુલ રૂ.૧૫૦૦/-માં લાભાર્થીએ શૌચાલય બનાવવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ હાલના સમયમાં આ રકમ અપુરતી જણાતી હોય તેમજ રાજ્યના પથરાળ ગ્રામ્ય વિસ્તારોમાં રૂ.૧૫૦૦/-માં શૌચાલય બનાવવું શક્ય ન હોય, ગ્રામ્ય વિસ્તારોમાં આ કાર્યક્રમને જોઈએ તેટલી સફળતા મળી નથી તેથી એ.પી.એલ. કેટેગરીના પ્રત્યેક કુટુંબદીઠ શૌચાલય

બનાવવા માટે હાલમાં અપાતી રૂ.૭૫૦/-ની સરકારી સહાય માં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજી પૂર્વકની વિચારણાને અંતે એ.પી.એલ કુટુંબનો દરજ્જો ધરાવતાં કુટુંબો દ્વારા એ.પી.એલ કેટેગરીના પ્રત્યેક કુટુંબદીઠ શૌચાલય બનાવવા માટે હાલમાં અપાતી રૂ.૭૫૦/-ની સરકારી સહાયમાં રૂ.૫૦૦/-નો વધારો કરી રૂ.૧૨૫૦/- સરકારી ગ્રાન્ટમાંથી ફાળવવાનું ઠરાવવામાં આવે છે. તે સાથે આ યોજના (પ્રત્યેક શૌચાલય માટે) કુલ રૂ.૨૦૦૦/-ની રહેશે.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંદર્ભ-૨ આગળના તા.૧૩-૬-૦૭ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૦-૯-૦૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.બી.પરમાર)
ઉપસચિવ
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
૨. માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
૩. માન.મંત્રીશ્રી (પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ)ના અંગત સચિવશ્રી.
૪. માન.મંત્રીશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ (તમામ)
૫ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૬ કમિશ્નર અને અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
૮. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ અને રાજકોટ.
૯. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
૧૦. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ) (ગ્રામ પંચાયતોને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.)
૧૧. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
૧૨. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૩. નાણાકીય સલાહકારશ્રી (પંચાયત) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સિલેક્ટ ફાઈલ.